ગાંધીનગર સમાચાર

# આર્મ્ડ ફોરસિસ ફ્લેગ ડે (સશસ્ત્ર દળોનો ધ્વજ દિવસ)

દેશ માટે યોગદાન આપવા માટે સામાન્ય નાગરિક માટે દિવસ!

ભારત માતા કી જય! જય હિન્દ! અને અમુક વખત વર્ણન કરી શકાય નહીં તેવી દેશ પ્રત્યેની લાગણીઓ આપણા સશસ્ત્ર દળોના જવાનો પોતાના જીવનનું બલિદાન આપીને દર્શાવી ચૂક્યા છે. ખરા અર્થમાં જોઈએ તો તેઓ એ માતૃભૂમિનું ઋણ ચૂકવી




દીધું છે. અત્યાર સુધી હજારો સૈનિકો એ દેશની સુરક્ષા અને ગૌરવ માટે પોતાનું જીવન આપીને અતુલ્ય યોગદાન આપ્યું છે. માત્ર સૈનિકો જ નહીં, તેમના પરિવારનું પણ એટલુ જ મોટું યોગદાન હોય છે. આખરે, જીવનથી વધારે શું કિમતી હોય શકે?

શું આપણી કોઈ ફરજ નથી બનતી? દેશ માટે, દેશના સૈનિકો માટે, તેમના પરિવારો માટે અને તેમની સાર-સંભાળ માટે યોગદાન આપવાની ...

જો આપનો જવાબ છે 'હાલ્લ અને કોઈ પણ કારણોસર આપ સૈન્યમાં નથી જોડાઈ શકતા તો આજે એ દિવસ છે જ્યારે આપણે યોગદાન આપી શકીએ છીએ. આર્મ્ડ ફોરસિસ ફ્લેગ ડે એટ્લે કે સશસ્ત્ર દળોનો ધ્વજ દિવસ! દર વર્ષે, ૭ ડિસેમ્બરે આ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસે, જે દેશની સેવામાં પોતાનું જીવન કુરબાન કરી ચૂક્યા છે, તેમના માટે, તેમના પરિવારો માટે અને તેની સાથે-સાથે જે સૈનિકો સેવાનિવૃત થઇ ગયા છો તેમના અને તેમના પરિવાર માટે, એક ફંડ એટ્લે કે ભંડોળ ઉભુ કરવામાં આવે છે. આ ભંડોળમાં કોઈપણ નાગરિક પોતાની ઈચ્છા શક્તિ મુજબ આર્થિક યોગદાન આપી શકે છે. ભંડોળમાં જમા થયેલી રકમ ને સશસ્ત્ર દળોના કર્મીઓના અને તેમના પરિવારોના ઉદ્ધાર માટે વાપરવામાં આવે છે. આ દિવસે, આ ભંડોળમાં પોતાનું યોગદાન આપનાર વ્યક્તિનું સન્માન જે તે સંસ્થા દ્વારા એક નાનો ધ્વજ આપીને કરવામાં આવે છે. આપણા સૌની ફરજ બને છે કે બને તેટલું આર્થિક યોગદાન આપણે આ ભંડોળમાં આપીએ કે જેથી કરીને દેશના માટે પોતાનું જીવન સમર્પિત કરનાર વ્યક્તિઓ અને તેમના પરિવારો માટે આપણે કંઈક કરી શકીએ. ધ્યાન રાખવાની બાબત એ છે કે આપણું આર્થિક યોગદાન સૈનિકો એ આપણા માટે કરેલા બલિદાનની સામે બહુ જ સામાન્ય છે. તેથી જેટલું બને એટલું યોગદાન કરવું અને આપણી ફરજ પૂરી કરવી!

આ ફંડ વિશે વાત કરીએ તો ફંડની રચના ૧૯૪૯માં થઈ હતી જેથી કરીને સશસ્ત્ર દળો અને તેમના પરિવારોની સાર-સંભાળ માટે યોગ્ય આર્થિક સહાય મળી રહે. આ ફંડનું પ્રબંધન કેન્દ્રીય સૈનિક બોર્ડ દ્વારા કરવામાં આવે છે. આ ફંડનો ઉપયોગ દર વર્ષે સેવા નિવૃત થતા લગભગ ૬૦૦૦૦ સૈનિકો અને તદુપરાંત માજી સૈનિકો અને તેમના પરિવારોની સાર-સંભાળ માટે કરવામાં આવે છે. આ દિવસે સવારે ૧૧:૦૦ વાગ્યે બે મિનિટનું મૌન રાખી શહીદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવે છે.

આમ જોવા જઈએ તો દેશની સેવા કરવાનો આ ખૂબ જ સરળ રસ્તો છે. આપણે કદાચ જનરલ કરિયપ્પા કે ફીલ્ડ માર્શલ માણેકશૉ ના બની શકીએ પણ દેશની સીમાઓને સાચવતા અને દેશ માટે યુદ્ધ લડનાર જવાનો અને તેમના પરિવારોને આપણો ટેકો જરુર આપી શકીએ છીએ. ગાંધીનગર અને અમદાવાદ સ્થિત ડિફેન્સ યુનિકોર્ન સંસ્થા જોડે જોડાયેલા રિટાયડ કર્નલ ભાટીયા કહે છે કે ''એક સૈનિક પોતાના જીવનમાં કેટલું મોટું બલિદાન આપે છે તે શબ્દોમાં વર્ણવું બહુ જ અઘરું છે. તે બલિદાન માત્ર શારીરિક નહીં પણ આર્થિક અને પારિવારિક પણ હોય છે! જ્યારે સામાન્ય માણસ પોતાના ઘરે કે ઓફિસે આરામથી કામ કરતો હોય છે તો તેની પાછળ અનેકો સૈનિકોનો બલિદાન હોય છે''. તેમણે ઉમેર્યું હતું કે ''ધ્વજ દિવસના નિમિત્તે હું બધા જ નાગરિકોને અપીલ કરીશ કે બને તેટલું આર્થિક યોગદાન સશસ્ત્ર દળો માટે કરો. દેશને તમારી જરૂર છે''.

તો આવો આપણે સૌ આ ધ્વજ દિવસે બને તેટલી આર્થિક સહાય, દેશની સુરક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર સૈનિકો અને તેમના પરિવારોને કરીએ. આર્થિક સહાય કરવા માટેની વિગતો નીચે આપેલ છે:

*Name of Fund : Armed Forces Flag Day Fund*
*Office Address: Kendriya Sainik Board, Ministry of Defence, West Block-IV,Wing-VII, RK Puram, New Delhi-110066*
*Telephone : 011-26192361*
*E-mail : jdacctksb@gmail.com & jdaccounts-ksb@desw.gov.in*
*Account Details of State Bank of India*
*A/c No: 34420400623*
*IFSC Code: SBIN0001076*
*Branch: RK Puram*

આ ફંડમાં કરેલું યોગદાન ઈનકમ ટૅક્સ એક્ટની કલમ 80 G (5) (vi) ના હેઠળ કરમુક્ત છે.

જય હિન્દ!

# સ્વદેશી ભડાકીયું બનાવી આત્મનિર્ભર ભારતનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું.

ગાંધીનગર, તા. ૬

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરામાં બાગાયતી બાકોમાં આંબા, સેતૂર, જામફળ, સીતાફળીના છોડના વાવેતરમાં વાંદરાઓનાં ટોળા ઊછરતા છોડનાં પાન અને ડૂંખને કાળી નુકશાન ના કરે તે માટે સ્વદેશી ભડાકીયા દ્વારા બાગાયતી પાકોનું રક્ષણ કરવામાં આવી રહ્યું છે. સંકુલમાં પડેલા ભંગારમાંથી વેસ્ટમાંથી બેસ્ટની કામગીરી પોતાની આત્મસૂઝથી કરનાર સંકુલના સિનિયર સેવક ગોરધનભાઈ રાવળે સ્વદેશી ભડાકીયું બનાવી આત્મનિર્ભર ભારતનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.













એસ.એસ.વી કેમ્પસમાં સ્કુલના વિદ્યાર્થીઓએ કૂકીંગ વિધાઉટ ફાયર એક્ટીવીટીમાં હેલ્થી અને ટેસ્ટી ફૂડ બનાવ્યા હતા. એસ.એસ.વી કેમ્પસમાં સ્કુલના વિદ્યાર્થીઓએ કૂકીંગ વિધાઉટ ફાયર એક્ટીવીટી માં ભાગ લીધો. તેમાં વિદ્યાર્થીઓએ લસ્સી, ભેળ, સેન્ડવીચ, લીંબુ શરબત, સાલડ અને ફ્રુટ જયુશ વગેરે હેલ્થી અને ટેસ્ટી ફૂડ બનાવ્યા.

# ગાંધીનગરનો ગૌતમ ગઢવી 'કોરોના વોરિયર્સ' વિષય પર કાવ્ય સ્પર્ધામાં ઝળક્યો



ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકાર દ્વારા ગત મેં મહિનામાં ૬૦માં ગુજરાત સ્થાપના દિન નિમિત્તે ગુજરાતના 'કોરોના વોરિયર્સ' વિષય પર નિબંધ, કાવ્ય, તેમજ ચિત્ર સ્પર્ધાનું અયોજન કર્યું હતું. જેમા ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ તથ ધોરણ ૯ થી ઉપરના વિદ્યાર્થીઓ ભાગ લઈ પોતાની કૃતિ ઑનલાઈન મોકલવા જણાવેલ. જેમા માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ સેકટર-૨૧ ગાંધીનગર ખાતે ધોરણ-૫ માં અભ્યાસ કરતા ગૌતમ હરેશભાઈ ગઢવીએ ધોરણ-૩ થી ૮ ની કેટેગરીમા ભાગ લઈ જિલ્લા કક્ષાએ કાવ્યમાં પ્રથમ નબર પ્રાપ્ત કરેલ છે. અને રુ. ૧૫૦૦૦/- નુ ઈનામ સરકાર (GCERT) તરફથી મળેલ હતું.

# મારું નગર નામે ગાંધીનગર

નિવૃત્તિ પછી સરકારી અધિકારીઓને તાલીમ આપવા જવાનું થાય છે ત્યારે અને સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને સંબોધવાનું થાય છે ત્યારે હું ભારપૂર્વક કહેતો હોઉં છું કે સ્થળાંતર એ પ્રગતિ છે. માણસ ગામ છોડે નહીં તો બહુ આગળ વધે નહિં. મારી વાત કરું તો વતન શુકલતીર્થમાં તો શરૂઆતના માંડ સોળ વર્ષ સુધી રહેવાનું બન્યું. મેટ્રિકની માટલી ફોડવાની સાથે કૉલેજના અભ્યાસ અર્થે ગામ અને કુટુંબ છોડવું જ પડે એમ હતું. એકાદ વર્ષ અમદાવાદમાં ગાળ્યું ત્યાં તો વ્હાલાભાઈનું સરકારી પ્રેસ, ગાંધીનગર ખાતે બદલાયું. એમને ત્યાં રહીને ભણતો હતો એટલે ૧૯૭૦ના વેકેશનમાં ગાંધીનગર આવી ગયા.




આ નગરનો મારો વિકાસમાં કેટલો અને કેવોક ફાળો છે તેનો વિચાર કરું છું ત્યરે આખી દશ્યાવલી માનસપટ પર ફરવા લાગે છે. સરકારી કૉલેજનું મકાન પણ ન હતું. પણ નવા વસી રહેલા નગરના કર્મચારી કુટુંબો માટે ઊચ્ચ શિક્ષણની વ્યવસ્થા થવી જોઈએ એ માટે સરકાર કટિબદ્ધ હશે તેથી પ્રવેશવિધિ સેકટર-૨૯ની પ્રાથમિક શાળામાં થઈ અને કૉલેજ શરૂ થઈ સેકટર-૧૬ની માધ્યમિક શાળામાં. તે પછી યુથ હોસ્ટેલ સામે વિજ્ઞાન કૉલેજ અને વિનિયન અને વાણિજ્ય કૉલેજોનાં મકાનો થયાં. સરકારી શિક્ષણ સંસ્થાઓનું એવું તો અવમૂલ્યન થયું છે કે નવી પેઢી કટાક્ષમાં અમારી કૉલેજને હવે 'ઓક્સફર્ડ' તરીકે ઓળખાવે છે! આ કૉલેજ કદાચ મારામાં સાહિત્યનાં બીજ રોપ્યાં હશે. નીચેના વાહન પાર્કિંગની જગ્યાએ ત્યારે યુનિવર્સિટીનું એક્સટેન્શન વ્યાખ્યાન યોજાયું હતું; વક્તા હતા સુરેશ હ. જોષી. એ સમય એમનો હતો. એકલે હાથે એમને શુદ્દ સાહિત્યની આબોહવા પ્રસરાવી હતી અને આપણે જે યુરોપીય સાહિત્ય વિશે ભાગ્યે જ કશું જાણતા હતા તે તરફનો વળાંક આપ્યો હતો. માધવ રામાનુજને પણ આ કૉલેજમાં સાંભળેલા અને સંસ્કૃતના વિદ્વાન પ્રાપ્યાપક વી. જી. પંડ્યા સાહેબે એ નિમિત્તે મેઘાણીનું સ્મરણ તાજું થયાની વાત કરી હતી. કૉલેજના વાર્ષિક અંકનો ચાલ ત્યારે હતો, એમાં ક્યાંકથી તફડાવીને પોતાના નામે પ્રગટ કરાવ્યું હોય એવી એ ઉંમર હતી.


મારો મુખ્ય વિષય અંગ્રેજી અને ગૌણ વિષય હિન્દી હતો. ડૉ. ગોવર્ધન શર્મા હિન્દીના વરિષ્ઠ પ્રાપ્યાપક હતા. તેમના ચારેય બાળકોનાં નામ ઋતુઓ પરથી હતા. બસંત, હેમંત, શરદ અને પુત્રી વર્ષા. હેમંત કદાચ નવા વસી રહેલા ગાંધીનગરનો પહેલો યુવા નેતા હતો. હેમંતે એ વખતે YOG નામની સંસ્થા શરૂ કરેલી; યુથ ઓર્ગેનાઈઝેશન ઓફ ગાંધીનગર. ૧૭/૨૨ પાસેના રોડ પર મોટા અક્ષરે આ અક્ષરો ચીતરાવેલા. ૧૯૭૪ આવતાં ગુજરાતના યુવાનો મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ સામે નવનિર્માણની ચળવળ સાથે ઊભા થઈ ગયા. ૧૯૭૦માં હજુ જૂનું સચિવાલય બંધાતું જોયું હતું ત્યાં ૧૯૭૪માં એના દરવાજા સામે અમે મોં પર રૂમાલ બાંધીને સમૂહમાં વિરોધમાં બેઠાં હતા. થોડા જ મહિનાઓ પછી નોકરી અર્થે આ જ સચિવાલયમાં પ્રવેશવાનું અને લાંબો સમય નોકરી કરવાનું પણ બન્યું હતું.

ખરી વસતિ ત્યારે સેકટર-૨૮ અને સેકટર-૨૯માં જ હતી. ત્યાંના બસ સ્ટેન્ડનું નામ 'સરદાર હોટલ' તરીકે જાણીતું હતું. ત્યાં કોઈ હોટલ તો હતી નહીં અને હતી તે તો ચાની લારી હતી. જે એક સરદારજી ચલાવતા હતા. ગાંધીનગરનું આ ટર્મિનલ બસ સ્ટેન્ડ હતું. ધીરે ધીરે બીજા સેકટરોમાં વસતિ થઈ. તે સમયના યુવાનો માટે પંચદેવ મંદિર એ એક જ સાંજે-રાત્રે ભેગા મળીને ટોળટપ્પાં કરવાનું કેન્દ્ર હતું. સમય એવો હતો કે જેમને સરકારી આવાસ પ્રાપ્ત થયું હોય એને જ પોતાનું ઘર શોધવામાં કયારેક મુશ્કેલી અનુભવાય ! આવું એકવિધતાને કારણે હતું. સરકારી નોકરીમાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ જાણીતા છે તે પ્રમાણે સરકારી આવાસો પણ ઘ, ચ, છ, અને જ પ્રકારે હતા. નગરમાં નવા જ્ઞાતિવાદની બૂ આવતી હતી. કોઈ અધિકારીને ત્યાં ગયા હોઈએ તો કયા ટાઈપમાં રહો છો એની પૂછપરછ થાય અને જે જવાબ મળે તે પ્રમાણે આગંતુકને આવકાર-સરભરા મળે. ઊનાળામાં ગાંધીનગર 'આંધીનગર' બની જતું. ખુલ્લાં વિશાળ મેદાનો આકરી ગરમી અને તેમાં ઊઠતી ડમરીઓ એને આંધીનગર નગર બનાવી મૂકતી. આપણે જે હરિયાળું ગાંધીનગર જોઈએ છીએ એ તો બહુ પછીની વાત છે. તેનો યશ સરકારના વન વિભાગને જ આપવો રહ્યો.

ભાષા નિયામક તરીકે ત્યારે હસિત બૂચ હતા, તેઓ પોતાને ત્યાં અથવા સરકીટ હાઉસમાં અથવા રેસ્ટ હાઉસમાં અનુકૂળતા મુજબ 'મિજલસ'ની બેઠકો બોલાવતા. સાહિત્ય પ્રવૃત્તિનાં પગરવ આ નગરમાં હસિત બૂચે પાથર્યાં છે એ નિશંક વાત છે. પછી કનૈયાલાલ મ. પંડયાના ઉત્સાહથી અમે મિત્રોએ 'બૃહસ્પતિ' સભા સરૂ કરી. એની શરૂઆત સેકટર-૧૬ના કનુભાઈના નિવાસ 'છ' ટાઈપના ૮૧/૩ ક્વાર્ટરમાં. પરેશ પટેલ, જનક મહતા, ભાસ્કર પંડ્યા વગેરે મિત્રોએ સાથે મળીને આ શરૂઆત કરેલી. ચંદ્રકાંત બક્ષી જેવા સાહિત્યકાર પણ બૃહસ્પતિ સભાના ઉપક્રમે વકતવ્ય આપી ગયેલા. દર ગુરુવારે એકબીજાના ઘરે સાહિત્ય પ્રવૃત્તિ માટે અચૂક મળવાનો તે વખતે અનેરો ઉત્સાહ હતો. હસમુખ મઢીવાલ, ભાનુપ્રસાદ ત્રિવેદી, મહોમ્મદ માંકડ અને હરિકૃષ્ણ પાઠક જેવા સિનિયર સર્જકો ત્યારથી આ નગરમાં હતા. વરસાદમાં એક કવિ સંમેલન સેકટર-૨૦ની શાળામાં કરેલું. જેમાં લાભશંકર અને આદિલ જેવા ઘણા કવિઓ સામેલ થયેલાં. ફંડ તો હતું નહિ. થોડા પૈસા ભેગા કરીને કવિઓને પુરસ્કાર આપવાનો પ્રયત્ન કર્યો હશે 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી.' એવું સ્વાભાવિકપણે બોલાયું હશે તો લાભશંકર ઠાકરે તરત ઊચારેલું કે 'બીજી વખત આખું ફૂલ આપજો.'

'કુમાર'નું કાવ્યસત્ર કુમારના તંત્રી ધીરુ પરીખના પ્રયત્નોથી યુથ હોસ્ટેલમાં ૧૯૮૦ આસપાસ યોજાયેલું. જેમાં સાહિત્યના સંખ્યાબંધ સર્જકો આનંદ અને ગૌરવપૂર્વક હાજર રહેલા. બૃહસ્પતિ સભા પાસે ફંડ તો હતું નહિ. પાટનગર યોજના વર્તુળમાં વરિષ્ઠ ઈજનેર તરીકે કામ કરતા સાહિત્યપ્રેમી બળવંતભાઈ વી પટેલે ત્યારે અમારી ભીડ ભાંગેલી. જેમને દાયકાઓ પછી ગાંધીનગર સાહિત્ય સભાના મંડાણ કરેલાં. ઈજનેર હોવા છતાં તેઓ ઊંઝા જોડણી બાબતે ઘણાં સક્રિય હતા. હવે સદ્ગત છે.

નગર ગાંધીનગર હવે ન ઓળખાય એટલું વિસ્તર્યું છે. પચ્ચાસ ચો.કિ.મી.નો વિસ્તાર અને ત્રીસ સેકટરમાં વિભાજન એને ઓછું પડ્યું તે હવે ઈન્દ્રોડા સર્કલની બહાર 'નવા ગાંધીનગર' નામે વિકસ્યું છે. કુડાસણ, સરગાસણ, રાયસણ, વાવોલ અને પેથાપુર પણ ગાંધીનગર ઓહિંયા કરી રહ્યું છે. સાહિત્યકાર મફત ઓઝા ગાંધીનગર નજીકના જામડાના હતા. એ ગમ્મતમાં કહેતા કે ગાંધીનગરનીઆ બધી જગ્યા પહેલાં વિશાળ વગડારૂપે હતી. જો કે હાલ આ વગડો ગ્રીનસીટીના સ્વરૂપાંતરે એવો વિકસ્યો છે કે સૌનું મન હરી લૈ છે. ઉનાળામાં એના મોટા રસ્તાઓની આસપાસ ગરમાળા પર જે પીળા રંગનો વૈભવ મ્હોરે છે તે દર્શનીય અને મનભર-મનહર હોય છે. કેટલાક રસ્તાઓ ઉપર ચોક્કસ પ્રકારનાં ફૂલો જ હોય એવું અદ્ભૂત આયોજન વનવિભાગ કરે છે અને તેને જાળવે પણ છે. મુખ્ય રસ્તાઓની બાજુ પર નવાં વૃક્ષોના ગીચ પટ્ટા ગાંધીનગર સિવાયના કયા નગરમાં જોવા



મળે? આજુબાજુના ગામોવાળા ખેડૂતો નગરવાસીઓને ઋતુ પ્રમાણેના ફળોની જે નવાજેશ ધરે છે તેમાં દેશી પપૈયાંની વાત ભૂલાય તેવી નથી. હવે તો વરસનો મોટોભાગ દેશી પપૈયાં ગાંધીનગર-સરખેજ રોડ પર જગ્યાએ જગ્યાએ સહજ સુલભ હોય છે.

એક વાર ચિંતક ગુણવંત શાહે જયારે એવું લખ્યું કે ગાંધીનગરના સચિવાલયનું ટેબલ ટેબલ ગંધાય છે. ત્યારે મારો અંદરનો માંહ્યલો ઉકળી ઊઠેલો. મેં ગુણવંતભાઈને કહેલું કે અતિ વ્યાપતીકરણ ગેરમાર્ગે દોરનારું છે. ભ્રષ્ટાચાર ભલે વધી ગયો હોય પણ મેં સરકારી નોકરીમાં એવા કર્મચારીઓ અને અધિકારીઓ જોયા છે જેમને વંદન જ કરવાં પડે. એવાં ઘણાં બધાં ને હું પ્રત્યક્ષ ઓળખું છું અને તંત્રો એક તરફ ભલે બદનામ થતાં હોય પણ ટકતા હોય છે આવા લોકોને કારણે જ. હા, પેલી મફત ઓઝાની વાત અધૂરી રહી ગઈ. એ કહેતા હતા કે આજે જયાં વિધાનસભા ગૃહ છે ત્યાં તો વગડાના ચોરો ચોરીનો માલ વહેંચવા બેસતા હતા! એ વાસ્તવ હોય કે કટાક્ષ પણ આપણું રાજકારણ જે તળિયાને આંબી ગયું છે ત્યારે કોઈને આવું કહેવાનું મન થતું હશે ને?

હમણાં જ સદ્ગત થયેલા 'વિચાર વલોણું' પરિવારના મોભી સુરેશ પરીખ યાદ આવે છે જે અવારનવાર ગાંધીનગરની ખેપ કરતા રહેતા હતા. ઈજનેર-સચિવ એવા મહેન્દ્ર પુરોહિત એમના પરમ મિત્ર હતા. એ પણ તેમનાં આવવાનું એક કારણ હતું. તેમની એક થીસિસ હતી કે સમાજમાં 'મેળવણ' ઘટવું ન જોઈએ. એની ખોટ ન પડવી જોઈએ. એટલે કે દીવાદાંડીરૂપ શ્રદ્ધેય માણસો પ્રત્યેક સમયે સમાજ સમક્ષ હોવાં જોઈએ. જે મેળવણની માફક ઓછાં જ હોય, બહુસંખ્ય કદી ન હોય.

નગરની પહેલી યુવાપ્રવૃત્તિ જે હેમંત શર્માએ શરૂ કરેલી તે ધૂમકેતુની માફક થોડો સમય ઝળકી અને તરત વિસરાઈ ગઈ. પણ કૃષ્ણકાંત જહાએ તેમના અથાગ પ્રયાસોથી સાતત્યપૂર્વક જે મશાલ જલતી રાખી છે. તે 'ગાંધીનગર સમાચાર' રૂપે તો વળી કયારેક 'ગાંધીનગર કલ્ચલર ફોરમ' નામે પણ જલતી રહે છે. આ બંનેનું અસ્તિત્વ ન હતું ત્યારથી કૃષ્ણકાંતના 'પગ વિનાના પગલાં' નગરની બધી જ પ્રવૃત્તિઓ ઉપર પડતા રહયા છે. એના મારી જેમ ઘણાં સાક્ષીઓ હશે. ગાંધીનગર કૉલેજમાં અને સચિવાલયમાં પણ મેં એમને કામ કરતા જોયા છે. એવા જ બીજા અરુણ બૂચ છે જે કદી પલાંઠીવાળીને બેસી રહેવાનું પસંદ કરતા નથી કોઈને કોઈ રૂપે સક્રિયતા દાખવે છે. ગજેન્દ્ર ખારોડ ભલે હવે નથી પરંતુ સેવાનો એવો મૂક માર્ગ તેમણે ઊભો કર્યો છે જે કદી પ્રચારપ્રસારના રવાડે ચડ્યો નથી. ગાંધીનગરમાં સામાજિક પ્રવૃત્તિઓની સાથોસાથ કલા અને સેવાની પ્રવૃત્તિઓ જે રીતે મહોરતી રહી છે તે નગરને રાજકીય ઓળખ ઉપરાંતની વિશિષ્ટ ઓળખ ઊભી કરીને જાળવી રાખવામાં નિમિત્ત બને છે.


કોઈ પણ નગરની ઓળખ કંઈ રાતોરાત ઊભી થતી હોતી નથી. એનું પોત બંધાતાં દાયકાઓ અને સૈકાઓ વીતી જતાં હોય છે. ગાંધીનગરનું અસ્તિત્વ આજે જયારે પાંચ દાયકાને વળોટી ગયું છે ત્યારે તેનો રાજકીય નગર સિવાયનો વિકાસ એકંદરે સ્વસ્થ અને સંતર્પક રહ્યો છે. એની એક માત્ર ઓળખ નથી રહી પણ નગર તરીકેની ઓળખ વૈવિધ્યભરી અને સમૃદ્ધ હોવાનો એક સંતોષ પણ અનુભવાય છે. બહુ બધા વર્ગો આવા સિંચનમાં નિમિત્તરૂપ બનતા રહે છે જે બધાંનો ઉલ્લેખ એક જણ ન કરી શકે. એ માટે વિવિધ કલમોએ સક્રિય થવું ઘટે.

- ડંકેશ ઓઝા
મો. ૯૭૨૫૦ ૨૮૨૭૪

# સ્વ. લક્ષ્મણસિંહજી વાઘેલા પૂર્વ કેળવણી નિરિક્ષક, ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિની ૨૯મી પુણ્યતિથિ નિમિત્તે શોકાંજલિ!

ગાંધીનગર, તા. ૬

ચાંદખેડાગામના વતની સ્વ. લક્ષ્મણસિંહજી વાઘેલા પૂર્વ કેળવણી નિરિક્ષક, ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિની ૨૯ મી પુણ્યતિથિ નિમિત્તે સુપરસિટી, ભાડજ, ખાતે રણછોડ મહિલા મંડળ દ્વારા પુષ્પાંજલિ અપાવામાં આવી હતી. વાઘેલા સાહેબ તરીખે જાણીતા લક્ષ્મણસિંહ વાઘેલા એ શિક્ષકથી કારકિર્દીથી શરૂ કરી હતી અને બઢતીથી કેળવણી નિરીક્ષક બન્યા બાદ વય મર્યાદા ને કારણે રિટાયર્ડ થયા હતા. તે વખતે ગાંધીનગર જિલ્લાના ૭૯ ગામો હતા, મોટા ગામની તમામ પ્રાથમિક શાળાઓએ વિદાય સમારંભ યોજી સન્માન કરવામાં આવ્યું હતું.



અજાતશત્રુ, શિસ્તના આગ્રહી વાઘેલાએ શિક્ષકોની બચત સોસોયટીના પ્રમુખ, એસોસિયન વગેરે માં નોધપાત્ર કામગીરી કરી હતી.

# જન્મદિને વધામણી



**પ્રકાશ લાલા**
વરિષ્ટ નાટ્યકાર અને સિનિયર વાઈસ પ્રેસિડેન્ડ ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો : ૯૪૨૬૦૮૪૬૩૨



**વસંતબેન સુરેશ ભટ્ટ**
મો. ૨૩૨૨૬૨૫૧



**અંજનાબેન બિપીનભાઈ રાવલ**
મેને. ટ્રસ્ટી, શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા
મો. ૯૧૫૭૩ ૯૪૨૬૭



**કૃપાબા પંકજસિંહ બિહોલા**



**સંકેત ગોર**
મો. ૯૮૨૪૬ ૪૫૬૭૧



**વિધિબા ધવલસિંહ રાજપૂત**



**કવિષા ચિરાગકુમાર જોષી**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો... કોરોનાથી બચો...